નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણના
નિયંત્રણ હેઠળ નાયબ નિયામક(વિ.જા)
જિ.જુનાગઢ અને જિ.ગાંધીનગર માટે
૦૨ નવા વાહનો ખરીદવા બાબત.
નવી બાબત ૨૦૨૧-૨૨

ગુજરાત સરકાર.
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:મકમ/૧૧૨૦૨૦/૪૫૦૭૬૨/અ
સચિવાલય, ગાંધીનગર.
તા. /૦૬/૨૦૨૧
10 JUN 2021

વંચાણે લીધા:

(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતાનો તા.૦૬/૦૪/૨૦૨૧નો પત્ર ક્ર:વિજાક/રેકર્ડ-નવીબાબત/૨૦૨૦-૨૧/૪૭.

ઠરાવ:

વંચાણ હેઠળના નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતાના તા.૦૬/૦૪/૨૦૨૧ના પત્રથી નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણના નિયંત્રણ હેઠળ નાયબ નિયામક(વિ.જા) જિ. જુનાગઢ અને જિ. ગાંધીનગર માટે ૦૨ નવા વાહનો ખરીદવા પ્રતિ વાહન રૂ.૮/- લાખ લેખે રૂ.૧૬.૦૦ લાખની નવી બાબતને વહીવટી મંજુરી આપવા દરખાસ્ત કરવામાં આવેલ હતી. આ બાબતને નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ના અંદાજપત્રમાં નવી બાબત તરીકે સમાવવામાં આવેલ છે. જેની વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાના અંતે નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણના નિયંત્રણ હેઠળ નાયબ નિયામક(વિ.જા) જિ. જુનાગઢ અને જિ. ગાંધીનગર માટે ૦૨ નવા વાહનો ખરીદવા પ્રતિ વાહન રૂ.૮/- લાખ લેખે રૂ.૧૬.૦૦ લાખ (અંકે રૂપિયા સોળ લાખ પૂરા)ની નવી બાબતને સરકારશ્રીના વખતોવખતના ઠરાવો તથા નીચેની શરતોને આધિન વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

૧. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

૨. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

૩. આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો - વખત લાગુ પડતા ઠરાવો / પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

૪. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

૫. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

૬. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૭. વાહનની ખરીદી બંદર અને વાહન વ્યવહાર વિભાગના તા.૨૪/૯/૨૦૦૮ ના ઠરાવ ક્રમાંક: જીટીએસ/૧૦૨૦૦૬/યુઓ-૮/ધ ની જોગવાઈ અને શરતોને અનુસરીને જે તે નાણાકીય વર્ષ દરમિયાન કરવાની રહેશે.

૮. બંદર અને વાહન વ્યવહાર વિભાગ દ્વારા નિયત કરવામાં આવેલ નીતિ અનુસાર જ વાહન ખરીદવાનું રહેશે તે સિવાયનું વાહન ખરીદવાનું રહેશે નહીં.

૯. નવા વાહનની ખરીદી કન્ડમ વાહન સામે કરવાની હોય તો કન્ડમ કરેલ વાહનની નિયત પ્રકીયા અનુસાર જાહેર હરાજી કરી ઉપજેલ રકમ સત્વરે સરકારમાં જમા કરાવવાની રહેશે.

૧૦. બંદરો અને વાહન વ્યવહાર વિભાગના તા.૨૪/૯/૨૦૦૮ ના ઠરાવ પ્રમાણે ખરીદેલ વાહનને પેટ્રોલ સંચાલિત હોય તો તેને સીએનજીમાં રૂપાંતર કરાવવાની નિયામકશ્રી, વિ.જા.ક.ની જવાબદારી રહેશે .

આ અંગેનો ખર્ચ માંગણી નંબર:૯૨, મુખ્યસદર: ૨૨૨૫ અનુ.જાતિ/જનજાતિઓ અને અન્ય પછાત વર્ગ અને લઘુમતિઓનું કલ્યાણ, પે.મુ.સ.: ૦૩-પછાત વર્ગોનું કલ્યાણ, ગૌણસદર: ૦૦૧ નિર્દેશ અને વહીવટ, પેટાસદર: ઓ.બી.સી-૧૮ તમામ કક્ષાએ વહીવટી તંત્રને સંગીન બનાવવા બાબતેના બજેટ સદર હેઠળ કરવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૨૬/૦૫/૨૦૨૧ અને તા.૨૩/૦૬/૨૦૨૧ની નોધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

યુ.કે.પાઠક

(યુ. કે. પાઠક)

ઉપ સચિવ

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન. મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ-૧, સચિવાલય,ગાંધીનગર
- માન. રા.ક.મંત્રીશ્રી (સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ-૨, સચિવાલય,ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (સા.ન્યા.) ના અંગત મદદનીશશ્રી, સચિવાલય, ગાંધીનગર.

- નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ ખાતુ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- નાણાકીય સલાહકારશ્રી (સા.ન્યા.) સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સીસ્ટમ મેનેજરશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ ( વિભાગની વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવા સારૂ)
- સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- શાખા સિલેકટ ફાઇલ.